દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૨૪ માર્ચ, ૨૦૨૬

# ઉર્જા કટોકટી અને પ્રદૂષણ: પરિવહનની ટેવો બદલવી જરૂરી

આજના આધુનિક યુગમાં માનવજીવન જે ગતિએ આગળ વધી રહ્યું છે, તેની પાછળ અશ્મિભૂત ઈંધણ એટલે કે પેટ્રોલ અને ડીઝલનો બહુ મોટો હાથ છે. જો કે, હાલ સંજોગોમાં આપણે બે મોટી સમસ્યાઓ સામે આવીને ઊભા રહી ગયા છીએ: ભયાનક ઉર્જા કટોકટી અને વધતું જતું પ્રદૂષણ. કુદરતી સંસાધનો ઝડપથી ખૂટી રહ્યા છે અને વાતાવરણમાં કાર્બનનું પ્રમાણ જોખમી સપાટી વટાવી ચૂક્યું છે. આવા કટોકટીના સમયે, ટેકનોલોજીના આધુનિક સાધનોની ભીડમાં ફરી એકવાર આપણા જૂના અને જાણીતા વાહન 'બાયસિકલ' (સાયકલ) તરફ નજર દોડાવવી અનિવાર્ય બની ગઈ છે.

વિશ્વના મોટાભાગના દેશો તેલની આયાત પર નિર્ભર છે. આંતરરાષ્ટ્રીય યુદ્ધો અને રાજકીય અસ્થિરતાને કારણે ઈંધણના ભાવ આસમાને પહોંચે છે, જેની સીધી અસર સામાન્ય માણસના ખિસ્સા પર પડે છે. જો આપણે ટૂંકા અંતરની મુસાફરી માટે પણ સતત મોટરચાલિત વાહનોનો ઉપયોગ ચાલુ રાખીશું, તો ભવિષ્યની પેઢી માટે ઉર્જાના સ્ત્રોતો બચશે નહીં. સાયકલ એક એવું અદ્ભુત વાહન છે જે શૂન્ય ઈંધણ વાપરે છે. તેનો ઉપયોગ માત્ર વ્યક્તિગત આર્થિક બચત નથી, પરંતુ તે રાષ્ટ્રીય ઉર્જા સુરક્ષામાં પણ મોટું પ્રદાન છે.

જો આપણે વૈશ્વિક સ્તરે નજર કરીએ તો નેધરલેન્ડ અને ડેનમાર્ક જેવા દેશોએ સાયકલિંગને માત્ર વ્યાયામ નહીં પણ જીવનશૈલી બનાવી દીધી છે. નેધરલેન્ડમાં તો માણસો કરતાં સાયકલોની સંખ્યા વધુ છે! ત્યાંના શહેરોમાં કાર કરતાં સાયકલ માટે અલગ અને સુરક્ષિત રસ્તાઓનું જાળ બિછાવેલું છે. ડેનમાર્કની રાજધાની કોપનહેગનમાં અડધાથી વધુ લોકો ઓફિસ જવા માટે સાયકલનો ઉપયોગ કરે છે. આ દેશોએ સાબિત કરી દીધું છે કે સાયકલ ચલાવવી એ ગરીબીની નિશાની નથી, પરંતુ તે પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ અને આધુનિક વિચારધારાનું પ્રતીક છે. આ દેશોમાં પ્રદૂષણનું સ્તર ઓછું છે અને લોકોનું સરેરાશ આયુષ્ય પણ વધારે જોવા મળે છે. બીજી તરફ, ભારતીય શહેરોમાં વાયુ પ્રદૂષણ અને ટ્રાફિક જામની સમસ્યા ગંભીર બની રહી છે. વાહનોના ઝેરી ધુમાડાને કારણે શ્વાસના રોગો અને હૃદયરોગનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. સાયકલ ચલાવવી એ પર્યાવરણ માટે વરદાન સમાન છે કારણ કે તેમાંથી કોઈ કાર્બનનું ઉત્સર્જન થતું નથી. આ ઉપરાંત, સાયકલ ચલાવનાર માટે તે એક ઉત્તમ કસરત છે, જે બેઠાડુ જીવનશૈલીથી થતા ડાયાબિટીસ અને મેદસ્વીતા જેવા રોગો સામે રક્ષણ આપે છે. જો આપણે દરરોજ માત્ર 5 કિલોમીટરની મુસાફરી સાયકલ દ્વારા કરીએ, તો વાર્ષિક ટનબંધ કાર્બન ડાયોક્સાઇડ હવામાં ભળતો અટકાવી શકાય છે.

માત્ર સાયકલ જ નહીં, આપણે પરિવહન માટે બહુસ્તરીય અભિગમ અપનાવવાની જરૂર છે. સરકારે ભારતીય શહેરોમાં પણ યુરોપિયન દેશોની જેમ સુરક્ષિત 'સાયકલ લેન' અને ભાડે સાયકલ મળી રહે તેવી સુવિધાઓ વધારવી જોઈએ. લાંબા અંતર માટે ઈલેક્ટ્રિક વાહનો અને જાહેર પરિવહન જેમ કે મેટ્રો કે બસનો ઉપયોગ વધારવો જોઈએ. હવે સમય આવી ગયો છે કે આપણે 'સ્ટેટસ સિમ્બોલ'ની વ્યાખ્યા બદલીએ. મોંઘી કારમાં ટ્રાફિકમાં ફસાઈ રહેવાને બદલે સાયકલ પર સ્ફૂર્તિથી નીકળવું એ જાગૃત નાગરિકની સાચી ઓળખ બનવી જોઈએ. જો આપણે આજે આપણી પરિવહનની આદતો નહીં બદલીએ, તો આવતીકાલ શ્વાસ લેવા લાયક પણ નહીં રહે. ઉર્જા બચાવો, પ્રદૂષણ ઘટાડો અને પૃથ્વીને સુરક્ષિત કરો - આ લડાઈમાં સાયકલ આપણું સૌથી સરળ અને શક્તિશાળી સાધન છે.

## લીલીછમ જમીન



ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

સાંગના જંગલની ગુજરાત રાજ્ય તરફની કિનારાની બધી જ જમીન સરકારે આદિવાસીઓને આપી દેવાની જાહેરાત કરી ત્યારે આદિવાસીઓ માટે કાર્યકર્તા ભીલ આશ્રમના એક નવા કાર્યકરને આ જમીન જોવા અને તપાસ કરવા માટે મોકલવામાં આવ્યા. કાર્યકર ઉત્સાહ સાથે તપાસ કરવા ગયો પરંતુ સાંજે તે પાછો આવ્યો ત્યારે મોઢું સાવ નાનું થયેલું, અવાજમાં હતાશા અને તેણે જાહેરાત કરી કે, ''સરકારે આપણી સાથે મજાક કરી છે ત્યાં એવી કોઈ જમીન છે જ નહીં.'' બધાને નવાઈ લાગી. સરકારી જાહેરાત અને જરૂરી કાગળિયાં બધું જ તેમની પાસે હતું તો પછી આવું કઈ રીતે શક્ય બને. બીજે દિવસે સવારે વડીલ કાર્યકરો, મુખ્ય કાર્યકર પ્રમુખ, અનુભવી આદિવાસીઓ અને પેલો નવો કાર્યકર બધા જ નિયત કરેલા સ્થળ પર ગયા. પોતાની પાસેનાં કાગળિયાંમાં જણાવેલ જમીન માપણી નંબર હેઠળની જમીનોની તપાસ કરી જમીન તો ત્યાં હતી જ. મુખ્ય કાર્યકરે નવા કાર્યકરને પૂછ્યું, ''ભાઈ, આ શું? બરાબર તપાસ કરી હતી કે પછી તપાસ કરવા ગયો જ ન હતો. આ બધી આપણી પાસે જે માપણી નંબર છે તે જ જમીનો છે. આ ચારે તરફનો વિસ્તાર આપણો છે.'' કાર્યકર બોલ્યો, ''પરંતુ મોટા ભાઈ, આ તો ખાડા ટેકરા અને ઝાડી ઝાંખરાવાળો જંગલનો ભાગ છે. ખેતીલાયક જમીન ક્યાં છે?'' મુખ્ય કાર્યકર બોલ્યા, ''અરે ગાંડાભાઈ, ભલે ખાડા ટેકરાવાળી પણ આ જમીન તો છે ને...અને જો તે ખેતીલાયક ન હોય તો આપણે તેને મહેનત કરીને ખેતીલાયક બનાવીશું.''વડીલ આદિવાસી બોલ્યા, ''થોડાક ટેકરા દૂર કરવાના... જંગલી ઝાડોનાં મૂળિયાં કાઢી નાંખવાનાં... વાવણી માટે જમીન ખેડવાની અને જમીન મળી છે તો તેને યોગ્ય બનાવવાની મહેનત આપણે કરવાની.'' બસ, બધાં જ આદિવાસીઓ મુખ્ય કાર્યકરની સૂચના હેઠળ કામે લાગી ગયાં. મહિનાઓની મહેનત બાદ તેને ખેતીલાયક બનાવી થોડા વખતમાં તે હરિયાળી ભોમમાં રૂપાંતરિત થઈ ગઈ. કોઈ પણ જમીન લીલીછમ કરવા દીર્ઘદૃષ્ટિ અથવા મહેનત અને મજૂરી કરવાની તૈયારી જોઈએ. સ્વયં આપણા જીવનને પણ જો લીલુંછમ કરવું હોય તો ખામી અને ભૂલોના ખાડા ટેકરા દૂર કરવા પડે. સખત મહેનત કરવી પડે. આળસ અને વ્યસન જેવાં ઝાડી ઝાંખરાંને મૂળથી ઉખાડી નાંખવાં પડે. પુરુષાર્થ વડે જમીન પણ લીલીછમ બનાવી શકાય અને પુરુષાર્થ અને મહેનતથી આપણું જીવન પણ લીલુંછમ બનાવી શકાય.

# શિક્ષણમાં ટ્યુશન, ગાઈડ અને કાપલીમાંથી હવે ગપ્પાંના આધારે પણ પાસ થવાય છે?

શિક્ષણ-સંસ્કાર
કાર્તિકેય ભટ્ટ

**જો ગુજરાતનો કોઈ પત્રકાર કોલેજોની પરીક્ષા વખતે કોલેજના મેદાનમાં જાય તો લગભગ કોથળો ભરીને માઈક્રો ઝેરોક્ષ કોપી લઈ આવે તેવી સ્થિતિ છે. અધ્યાપકો કે શિક્ષકો કાપલીઓ ઉઘરાવીને થાકી જાય છે**

દેશનાં જાહેર માધ્યમોમાં અવારનવાર શિક્ષણના ભગવાકરણ કે હિંદુ વિચારધારા તરફ ઢાળવાના સમાચારો ચર્ચાયા કરે છે પણ આપણે ત્યાં શિક્ષણનું ભગવાકરણ કે ડાબેરીકરણની ચિંતા કરવા કરતાં શિક્ષણનું ગાઈડકરણ થઈ ગયું છે તેની ચિંતા કરવા જેવી છે અને અત્યારે આ લખાય છે ત્યારે તો વિદ્યાર્થીઓ ગાઈડ પણ વાંચતાં નથી અને કાપલીના સહારે આવી ગયાં હતાં અને હવે તો સાવ જ ગપ્પાં લખનારાં પણ પાસ થવા લાગ્યાં છે તે અતિ ગંભીર બાબત છે.

જો ગુજરાતનો કોઈ પત્રકાર કોલેજોની પરીક્ષા વખતે કોલેજના મેદાનમાં જાય તો લગભગ કોથળો ભરીને માઈક્રો ઝેરોક્ષ કોપી લઈ આવે તેવી સ્થિતિ છે. અધ્યાપકો કે શિક્ષકો કાપલીઓ ઉઘરાવીને થાકી જાય છે. કોઈ જાદુગરના ખીસ્સામાંથી, ટોપી માંથી, શર્ટની બાંયમાંથી, અરે હવામાંથી જેમ વસ્તુ નીકળે તેમ વિદ્યાર્થીની આસપાસથી કોપી નીકળે છે. ક્યાંક તો વાઈ ફાઈ મોડમાં કોપી થાય છે કારણ એક જ છે કે વાચન નથી, મહેનત નથી, એવું નથી કે માત્ર સામાન્ય પ્રવાહમાં આવું થાય છે, મેડીકલ અને એન્જિનિયરીંગમાં પણ સંદર્ભગ્રન્થનું વાચન ઘટતું જાય છે. ઓછામાં ઓછું ગુજરાતમાં તો અભ્યાસ માટે જે આગ્રહ હોવો જોઈએ તે દેખાતો નથી. મા-બાપ પણ હવે બાળકોને વાંચવા બેસ એમ કહેતાં હશે કે કેમ તે પ્રશ્ન છે.

નૈતિકતાનાં ઈંજેક્શન મળતાં નથી. ના તેના ભૌતિક માપદંડો છે. નૈતિકતા તો આપણા વ્યવહારમાં દેખાય અને તે માટે અપણને કોઈ શું પ્રમાણપત્ર આપે? આપણે જાતે જ અનુભવીએ કે આપણે સાચું કરીએ છીએ કે ખોટું? આજે આ પતન માત્ર વિદ્યાર્થીઓમાં આવ્યું છે તેવું નથી. થોડાંક અભ્યાસુ શિક્ષકો અને અધ્યાપકોને બાદ કરતાં, શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોનો મોટો વર્ગ છે જે વાંચતો જ નથી. વળી તે પોતે જ પોતાનાં સંશોધનપત્રો, ખાતાકીય પરીક્ષાઓ કે કોરોના પછી ઓનલાઈન વર્ગ કે પરીક્ષામાં ખુલ્લેઆમ કોપી કરે છે. હવે જે શિક્ષક કે અધ્યાપક જ ગાઈડ કે પ્રશ્નોત્તરી રૂપ ચોપડીના આધારે ભણાવતાં હોય, પોતાની જ રજૂઆત કે પરીક્ષામાં ચોરી કરતાં હોય તે વિદ્યાર્થીઓને કઈ રીતે નીતિમત્તાના પાઠ ભણાવે?

એ સાચું જ છે કે આજે વિજ્ઞાન અને ટેકનોલોજીનો વ્યાપ વધવા સાથે અધ્યાપકો અને વિદ્યાર્થીઓ પણ ટેકનોસેવી બન્યાં છે. અનેક શિક્ષકો, અધ્યાપકો પોતાની યુ ટ્યુબ ચેનલો ચલાવે છે. બ્લોગ લખે છે. સરકારી પરિપત્રો અને સ્પર્ધાત્મક પરીક્ષાની સતત અપડેટ આપતાં રહે છે પણ કુલ સંખ્યામાં આ વર્ગ નાનો છે.

ઉલટાનું આ વોટસેપ સોશ્યલ મીડિયા અને ગુગલ ગુરુએ અનેક વિદ્યાર્થીઓ અને શિક્ષક અધ્યાપકને સાવ પાંગળાં બનાવી દીધાં છે. ના કરે નારાયણ ને વીજળી 24 કલાક માટે ગુલ થાય તો આ તમામનું શિક્ષણ અને સંશોધન અટકી જાય.

ખાનગીકરણના યુગમાં શાળા કોલેજો ખાનગી ધોરણે ખૂલી છે. થોડી શિક્ષણ સંસ્થાઓ ઊંચા પગાર આપી કર્મચારીઓને રાખે છે પણ મોટા ભાગની તો ઓછા પગારમાં શિક્ષકો રાખે છે. અહીં વિદ્યાર્થીના અભ્યાસ કરતાં આવક વધારે મહત્ત્વ ધરાવે છે. સંચાલકો તો લાલચુ હોય એ માની શકાય પણ શિક્ષક અને વિદ્યાર્થીઓ પણ અભ્યાસમાં આળસુ હોય તે સ્વીકારી શકાય નહીં. ખાનગી શિક્ષણની અનેક મર્યાદા હોવા છતાં જ્ઞાનપ્રાપ્તિની ઝંખના જ ના હોય તે વાત વિદ્યાર્થી કે શિક્ષક માટે સ્વીકારી શકાય નહીં.

''કુંવરબાઈનું મામેરું'' કૃતિના લેખક કોણ છે''?

'શ્રી મયુર'' .....આજથી વીસ વર્ષ પહેલાં, આ કરુણ કટાક્ષ ખરેખર બન્યો હતો. જ્યારે એક સાક્ષરે એક કોલેજ યુવકને પ્રશ્ન કર્યો હતો.

સાહિત્યનો અભ્યાસ કરનારને સાહિત્ય કૃતિ પાઠ્યક્રમરૂપે ભણવાની આવે, ગુજરાતીમાં પૃથ્વીવલ્લભ કે કુંવરબાઈનું મામેરું ભણવાનું હોય તો સ્વાભાવિક છે કે બધા વિદ્યાર્થી આ પુસ્તક આખું ના ખરીદે પણ શાળા કોલેજની લાઈબ્રેરી કે બીજી કોઈ રીતે લઈને વાંચી તો શકે જ. આજે તો કેટલી બધી કૃતિ ઓનલાઈન છે. એક રીતે ૧૯૯૦ પહેલાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કે શિક્ષકો માટે અભ્યાસ સામગ્રી સંદર્ભ ગ્રંથો મળવા ખરેખર મુશ્કેલ હતાં. આજે તે બધું જ આંગળીનાં ટેરવે છે. જો નેટફ્લીક્ષનો પાસવર્ડ લઈને એકમાં ચાર લોકો ફિલ્મ જોઈ શકે તો એક પુસ્તક કે ઓનલાઈન કોર્સ ચાર જણા વાંચી જ શકે. મૂળ વાત છે નિસ્બત અને નૈતિકતાની અને શિક્ષણમાં તે ખતમ થતી જાય છે. બધે ચાલશે પણ શિક્ષણમાં આળસ અને ચોરી નહિ ચાલે. શિક્ષક અને અધ્યાપક મંડળો માટે વર્ષોથી આ ફરિયાદ રહી જ છે કે જેમ તમે પગાર પંચો કે કલ્યાણ યોજનાઓના પૂરેપૂરા અમલ માટે સરકારને આગ્રહપૂર્વક ફરજ પાડો છો તેવી જ રીતે સંગઠનનાં સભ્યોને અભ્યાસ અને સતત અપડેટ થવા માટે પણ આગ્રહ કરો. બધી જ માંગણી કરો પણ કદી ગુણવત્તા સાથે બાંધછોડની માંગણી ના કરો.

વિદ્યાર્થીઓને વાંચતાં લખવા કરવા માટે શિક્ષક અધ્યાપકે વાંચવું લખવું પડશે. નૈતિક જવાબદારી એ શિક્ષણજગતની પ્રાથમિક માગ છે, જે નિભાવવી જ પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# બાટલો બાટલીનો ધણી નથી..!

મંગલ મસ્તી
રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

**ગેસના બાટલાએ તો આ વખતે ભારે કરી હંઅઅઅ? જેમ દુઃખ પડે ત્યારે ભગવાન યાદ આવે, ભૂખ લાગે ત્યારે ભોજન યાદ આવે ને રાંધવા બેસે ત્યારે ગેસનો બાટલો યાદ આવે, તેવી સંસારની હાલત છે..!**

યુધ્ધનાં મંડાણ વિદેશમાં મંડાયાં ને તડાકો ત્રીજા ઘરે થયો. ગેસના બાટલાની તાણ ભારતને લાધી. વિદેશમાં બધું સળગ્યું ને અહીં રસોડે સળગતું હતું એ પણ હોલવાઈ ગયું. ૭૧ પેઢીની ખાતરી કરીને વાઈફ ભલે લાવ્યા હોય, એ સહનશીલતાની મૂર્તિ છે, એટલે બધું સહન કરી લેશે. પણ ગેસની તાણ પડે તો નારી પણ હારી જાય. એવી બગડે કે, રસોડામાં લીંબુ-મરચું બાંધો તો પણ એ 'અન્નપૂર્ણા'ને શાતા નહિ વળે..! ગેસના બાટલા વગર રસોડાનો પ્રાણ ઊડી ગયો હોય એમ, રસોડું નિર્જીવ બની જાય. બાકી, ખાધના મામલે પુરુષ ભલે બેમિશાલ હોય, પણ સંસારમાં તો 'કિંચન-કવીન'નું જ રાજ ચાલે ને..? રસોડાનો રાજા કોઈ પુરુષ બન્યો હોય,એવું લોકવાયકામાં આવ્યું..? ના જ આવ્યું હોય ને..?

મારા દોસ્તનો જ દાખલો આપું તો, ચમનિયાએ ચમનીને શોધવામાં જેટલી મજૂરી નહિ કરેલી, એનાથી અનેકગણી મજૂરી ગેસનો બાટલો શોધવામાં અત્યારે કરે છે. બાટલો શોધવામાં બાટલીના રવાડે ચઢી ગયો. વાત એવી વણસી કે, ઊંઘમાં પણ, એને બાટલો જ દેખાય. ચમની તો મુદ્દલે નહિ દેખાય..! એક બાજુ ચમનીનો ત્રાસ, બીજી બાજુ ગેસનો ગ્રાસ..! ઊંઘમાં પણ લવારે ચઢી જાય કે બાટલો..બાટલો.. બાટલો..બાટલો! વિદેશી યુદ્ધનો રેલો, રસોડાથી વધીને, બેડરૂમ સુધી પહોંચી ગયો.

એવું કોઈ બોલેલું કે, પ્રત્યેક સફળ પુરુષ પાછળ સ્ત્રીનો હાથ હોય છે, એને હું શોધું છું. ખાસ કરીને પત્નીનો..! પોતાની કે બીજાની, એનો ફોડ પાડવાની મારામાં હિંમત નથી ને આપણે એમાં ચમચો પણ હલાવવો નથી. ચોખવટ એટલી જ કરવાની કે, ચમનિયાની આ હાલત માટે ચમનીનો હાથ ખરો..! ચમનિયાની દયા તો આવે, પણ કરીએ શું..? બાટલી તો ગમે ત્યાંથી લાવી દેવાય, પણ અત્યારે ગેસનો બાટલો લાવવો એટલે, માથે મિસાઈલ મૂકીને લડવા જેવું અઘરું..! પંચતંત્રની વાતોમાં ભલે ના લખ્યું હોય પણ, પતિ ધંધાપાણીએથી થાકીને ઘરે આવે અને ગૃહપ્રવેશ કરે તે પહેલાં રિમાન્ડ લેવા માંડે કે, 'ગેસના બાટલાનો મેળ પડ્યો? એટલે તરત પતિની છટકે! ગુજરાતીઓને દુકાન બંધ થાય ત્યારે તો માંડ ઘર યાદ આવે. તો ગેસનો બાટલો પૂંછડામાંથી યાદ આવે..? એમાંથી ચાલુ થાય ધમાધમી..!

ગેસના બાટલાએ તો આ વખતે ભારે કરી હંઅઅઅ? જેમ દુઃખ પડે ત્યારે ભગવાન યાદ આવે, ભૂખ લાગે ત્યારે ભોજન યાદ આવે ને રાંધવા બેસે ત્યારે ગેસનો બાટલો યાદ આવે, તેવી સંસારની હાલત છે..! અમુકને તો બાટલાની તાણ આવી ત્યારે સમજાયું કે, ભગવાનના ભરોસા કરતાં ગેસના ભરોસે વધારે જીવીએ છીએ. એક તો દારૂબંધીના કારણે બાટલીની બુમાબુમ તો હતી જ, તેમાં ગેસના બાટલાએ ગ્રહણમાં સાપ કાઢ્યો. બાટલો-બાટલી, ભલે 'ધણી-ધણિયાણી' જેવાં લાગતાં હોય પણ, વાસ્તવમાં નથી. છતાં બંને કેર વર્તાવે. બાટલો એ બાટલો છે ને બાટલી એ બાટલી..! તોયે રોમિયો-જુલિયેટના આત્મા હોય એમ, બાટલા વગર બાટલી અધૂરી, ને બાટલી વગર બાટલો અધૂરો..! બંનેમાં આસમાન જમીનનો ફેર..! ગેસનો બાટલો આમ ભલે ગરીબો માટે અન્નપૂર્ણાનો દેવતા કહેવાય પણ એના વગર ચુલ્હો સળગે નહિ. ત્યારે બાટલી આપમેળે ચઢી જાય..! એવી ચઢે કે, ઉતારવા માટે શ્રમ-યજ્ઞ કરવો પડે..! માત્ર મને જ આ વાતની ખબર છે કે, બાટલીનાં છાંટા-પાણીમાંથી જ ' DRINK' શબ્દની ઉત્પત્તિ થયેલી. પહેલો પેગ લે એટલે માણસ D એટલે 'ડિવાઈન' બને, બીજો પેગ લે એટલે R માંથી, 'રીલેક્ષ' બને, ત્રીજા પેગમાં I એટલે 'ઈન્ટેલીજન્ટ' બને, ચોથા પેગમાં N એટલે 'નોટી' બને અને પાંચમો પેગ પડે એટલે, K માંથી 'કિંગ' ની ભૂમિકામાં આવી જાય..! તમને હસાવવા જ ગોઠવ્યું ફાવશે ને..?

બાટલા-બાટલીના સંબંધ ભલે મખમલી જાજમ જેવા સુંવાળા હોય છતાં, એકબીજાનું દુઃખ પોતે ઉપાડી શકતાં નથી. બંનેનાં કર્મના સિધ્ધાંત જ અલગ..! બાટલાનું સ્થાનક સ્થાયી હોય ને બાટલી 'હમ સાથ સાથ હૈ ' ની માફક મોબાઈલ વાન જેવી. જ્યાં પણ જાય ત્યાં 'નેટ-વર્ક' પકડે..! બાટલાને ગ્રામદર્શન કરાવવું હોય તો, ખભે ચઢાવવો પડે. એમાં ખભો પણ આવી પડે..! બાટલી થોડી ચંચળ, આકર્ષિત ને લોકમાંગવાળી. સૌનાં પેટ ટાઢાં કરવાની જવાબદારી ગેસના બાટલાના માથે હોય એટલે ઘરના વડીલ જેવો ગંભીર. બાટલી ક્યારે કોને ક્યાં ગબડાવી દે એનો ભરોસો નહિ..! જ્યારે બાટલો કારણ વગર ગબડે નહિ. ગેસના બાટલામાં પણ ફિલોસોફી છે મામૂ..! અભ્યાસ કરીએ તો સમજાશે કે, આપણું માનવ જીવન પણ, ગેસથી ભરેલા બાટલા જેવું છે. ગેસ ભરેલો હોય ત્યાં સુધી જ બાટલાની કિંમત..! ખાલી થાય, એટલે બાટલો Get out..! પાડોશી ઘરે આવે ને બહુ કાલુ કાલુ બોલે તો જાણવું કે, એ મળવા આવી નથી. તમારા ઉપર હેત ઉભરાયું નથી, પણ ઉછીનો ગેસનો બાટલો લેવા આવી છે. કૈસે કૈસે રહેતે હૈ લોગ યાર..? બાટલા...બાટલા.. બાટલા..! બાટલાની ડીમાંડ એવી વધી છે કે, જાણે નાગ ઉપર દેડકી બેસી ગઈ..! માણસની તો કોઈ કિંમત જ નહિ..! નાણાં વગરનો નાથિયો ને નાણે નાથાલાલ, એમ ગેસ વગરનો ગણીયો ને, ગેસનો બુલો હોય તો, ગણપતિદાસ..! મરઘાની જેમ લડતા દેશોએ જ્યારથી યુધ્ધને છંછેડયું છે, ત્યારથી ગેસના બાટલાની રામાયણ શરૂ થઈ છે. રામાયણમાં જેમ મા સીતાનું હરણ થયેલું, એમ યુદ્ધની જમાવટમાં બાટલાનું હરણ થવા માંડ્યું. રાજકારણ એવું ગરમાયું છે કે, ગેસના રામાયણમાં મહાભારતનાં દશ્યો ઘૂસી ગયાં હોય એવું ફીઈઈલ થાય. ઘર ઘર 'કિચન-વોર' ફાટ્યા ને ઘરધણીની હાલત ફૂટેલી કારતુસ જેવી બની ગઈ..! લગનના ફેરા ભલે મજબૂત છેડાથી ફરાયા હોય ને લગન કરાવનાર બ્રહ્મ દેવતાને, ભલે અયોધ્યાથી ખેંચી લાવ્યા હોય, પણ ગેસના બાટલા વગર જો પતિએ ગૃહપ્રવેશ કર્યો તો પતિનાં શુભ ચોઘડિયાં પણ કાળ ચોઘડિયાંમાં ફરી જાય, ભરોસો નહિ..! આવું બધું સહન તો નહિ થાય બોસ, પણ કરવું શું? બાટલાની તાણમાં લગન વખતના સપ્તપદીવાળા નિયમો પણ અભરાઈએ ચઢી ગયા છે બોલ્લો..!

પાડ માનો પરમેશ્વરનો કે, ભૂતકાળમાં લાઈનમાં ઊભા રહેવાની પ્રેકટીસ પડેલી છે. એટલે ગેસના બાટલા માટે લાઈનમાં ઊભા રહેતી વખતે પરસેવો ચરણ સુધી ફરી વળતો નથી ને ટાંટિયે લોહી ઊતરતું નથી. સાલું, કોની ગાય, કોનું ખાય, હાંકે એનું નખ્ખોદ જાય વાળી હાલત થઈ છે. લડે વિદેશી, ને ખુંપરા આપણા નીકળે..! નેતાઓ પણ શું કરે..? 'ગુપ્ત-રસ' ની બાટલીમાં પ્રતિબંધ લાવવામાં કડકાઈ કરી તો, ગેસના બાટલાની તાણ આવી. શિકારીએ નાખેલી જાળમાં ફસાયેલા વનરાજ જેવી હાલત છે એમની..! એમ થાય કે, અણુબોંબને બદલે, અલાઉદ્દીનનો જાદુઈ ચિરાગ વસાવ્યો હોત તો, આજે આકો આવીને બાજી તો સંભાળી લેત..! શું કહો છો ચમના..?

### લાસ્ટ બોલ

ન કરે નારાયણ ને છોકરીના
દુકાળમાં એકાદ છોકરીની
દાઢે વળગી ગયા. ને લગનનું
ગોઠવાઈ ગયું. પણ પેલી એવું
કહે કે,.''તમે આમ તો બધી
રીતે મને અનુકૂળ છો. તમે
મારા માટે આકાશના તારા
તોડી લાવો એવું તો નહિ કહું.
પણ ધારો કે, રસોડાનો ગેસનો
બુલો ખલાસ થઇ જાય અને
મળવાની કોઇ જ સંભાવના ના
હોય, ત્યારે તમે મેળવી આપશો
ખરા..?
કુંવારો હજી બેભાન છે..!
તારા કપાળમાં કાંદા ફોડું...!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### ટેકનોલોજી આશીર્વાદ કે અભિશાપ?

હાલમાં ઈરાન, ઈરાક વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. યુદ્ધ થાય એટલે માનવખુવારી અને સંસાધનોને નુકસાન વ્યાપક પ્રમાણમાં થાય, યુદ્ધમાં ટેકનોલોજીનો ઉપયોગ થાય જે એકઝાટકે કુદરતી સંસાધનોનો વિનાશ કરી નાખે અને ટેકનોલોજી વિશ્વના હિતમાં આશીર્વાદ અને અભિશાપ પણ છે. હાલમાં ડિજિટલ યુગ ચાલી રહ્યો છે ત્યારે ડિજિટલ ટેકનોલોજીના પણ લાભ અને ગેરલાભ બન્ને છે. સાયબર ક્રાઈમના ગુનાનું પ્રમાણ વધી ગયું છે તેનો ભોગ મોટા ભાગે સિનિયર સિટીઝન બનતાં હોય છે. ડિજિટલ માધ્યમથી બધું જ કામ થાય પરંતુ તેના કારણે બેરોજગારીમાં વધારો થાય છે. કોઈ પણ ટેકનોલોજીનો વિશ્વના હિતમાં ઉપયોગ થવો જોઈએ. કુદરતી આપત્તિથી નુકસાન થાય પરંતુ માનવીએ બનાવેલ ટેકનોલોજીથી માનવખુવારી કે સંસાધનોને નુકસાન થાય તે ખૂબ જ દુઃખદાયક કહેવાય.

સુરત - ચંદ્રકાંત રાણા

### અણુશસ્ત્રો ક્યારેક પોતાના અસ્તિત્વને જ મીટાવી દેશે

એક બીજાના હુમલાના ભયે શસ્ત્રદોટમાં પોતાની જ અર્થવ્યવસ્થા ખોરવી નાંખશે. શસ્ત્ર ઉત્પાદનમાં કરોડોનો ખર્ચ આમ જનતાના ખિસ્સામાંથી આવે છે અને ઉત્પાદક ઉદ્યોગો (શસ્ત્ર) ફુગાવાને ફૂંક મારે છે. અલ્પ આવકવાળા અને મધ્યમ વર્ગ આ નાગચુડમાં ફસાવે છે. માંદગીનો ખર્ચ અસહ્ય હોય છે. સ્કૂલ ફીમાં અસહ્ય વધારો, ગણવેશ તેમજ ઈતર પ્રવૃત્તિમાં વાલીઓના પરસેવાના નાણાં વેડફાય છે.

અડાજણ - અનિલ શાહ

### યુદ્ધ સમગ્ર વિશ્વ માટે અનુચિત

ગુજરાતી ભાષાની એક કહેવત મુજબ 'પાડે પાડા લડે અને ઝાડનો ખો નીકળે'' અર્થાત્ નિર્દોષ ઝાડ નિશાન બને! વર્તમાન સમયમાં વૈશ્વિક સ્તરે કંઈક આવું જ બની રહ્યું છે. અમુક દેશો યુધ્ધ કરે અને એનો ભોગ નિર્દોષ દેશો બને! આજે વિશ્વે વિજ્ઞાન થકી પ્રત્યેક ક્ષેત્રોમાં હરણફાળ ભરી છે. આધુનિક ટેકનોલોજીએ માનવીની સગવડોમાં ભરપૂર સરળતા કરી આપી છે અને અમુક દેશો યુધ્ધ કરવામાંથી ઊંચા નથી આવતા! ટ્રમ્પભાઈ સમગ્ર દુનિયાના જમાદાર અને ન્યાયાધીશ હોવાનો દાવો કરે છે. જાણે આખું વિશ્વ એમની જ મુઠ્ઠીમાં હોય! હાલના યુધ્ધને કારણે ક્રુડ ઓઈલ અને ગેસ માટેની સમસ્યા અમુક દેશોમાં સર્જાઈ શકે એમ છે. નથી ઈરાન સમજતું કે નથી ઈઝરાઈલ કે અમેરિકા! અંગત અદાવતને કારણે લાખો લોકો સમસ્યામાં મુકાઈ ગયાં છે. સૌને ભેગાં મળીને વિશ્વને પ્રગતિશીલ બનાવવાનો વિચાર કેમ નથી આવતો? યુધ્ધ કોઈ પણ દેશ માટે અનુચિત જ છે. ટ્રમ્પ બધી જ વાતમાં સ્વયં જ હોંશિયાર અને બુદ્ધિશાળી છે એવું વિચારવાનું છોડી દે તો સારું!

સુરત - નેહા શાહ

### આત્મનિર્ભર અને ફિટ ઈન્ડિયા અને ફિટ ગુજરાતનો નારો રમુજ રીતે દેખાય છે

ભારત આત્મા નિર્ભર બને તે માટે અનેક બોર્ડ બેનરો લગાવીને મોટા ખર્ચ પાડવામાં આવ્યા છે. સ્વદેશી વાપરવાની પહેલ કરવાનું અભિયાન ગાંધીજીએ ચલાવ્યું હતુ. એક વિચારશીલ અને વકીલાતના વ્યવસાય છોડીને દેશની આઝાદી અપાવનાર અનેકોમાંના એક છે.એ સારી વાત છે પરંતુ આજની દ્રષ્ટિએ પક્ષ પાર્ટીનો વિચાર ( મત ) રાખીને એટલા મોટા ભણગા ફૂંકવામાં આવી રહ્યા છે કે સમય આવ્યે આવી ઘટના યાદ કરતા હાસ્યસ્પદ ચિત્ર ઉભા થાય છે. જે આજે મીડિયામાં જોઈ શકાય ખરી વાત એ છે કે આત્મનિર્ભર બનવા માટે પ્રથમ તો વિદેશમાં જતું યુવાધન શિક્ષણ માટે તે બંધ થવું જોઈએ. એક સમયની તક્ષશિલા નાલંદા વલભી જેવી મહાવિદ્યાલયોમાં વિદેશી નાગરિકો ભારત ભણવા માટે આવતા હતા. તે સમય એટલે શિક્ષણ માટે ભારત આત્મનિર્ભર આજે તેનાથી વિપરીત પરિસ્થિતિ આવી ગઈ મોટા ભાગના VIP વર્ગના નાગરિકો વિદેશમાં ભણવા માટે જાય છે.આ વાત સ્પષ્ટતા આપે છે કે આઝાદીના દાયકાઓ નીકળી જવા છતાં ભારતનું શિક્ષણનું સ્તર ગુણવત્તા વિહીન બનવા લાગ્યું છે. કાયદાની ડિગ્રી હોય કે વાણિજ્યની ડીગ્રી હોય વેચાણ વર્ગને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે.છેલ્લા 30 વર્ષથી ગુજરાતમાં એક સળંગ ભાજપીય સત્તા છે. અને શિક્ષણનું કથળતું પાસું એ વાતનો નિર્દેશ કરે છે કે સરકારને સરકારી શિક્ષણ સુધારવાની કોઈ ઈચ્છા શક્તિ નથી. માટે યુનિવર્સિટીઓમાં કૌભાંડ સામે આવે છે. નીતિમત્તાની જગ્યાએ ઉચ્ચ વર્ગના નોકરીયાતો (નોકરી ) સરકારના તંત્રમાં આવીને ભ્રષ્ટાચાર કરે છે. રબર સ્ટેમ્પ બની સરકાર મીડિયામાં આવીને કોઈને બાંધછોડ કરવામાં આવશે નહીં. આવું બોલીને વાત ભુલાવી દેવામાં આવે છે. ફરી અમુક સમય પછી એની એ જ ઘટનાનો મહાવરો થાય છે. આમાં કઈ રીતે આત્મા નિર્ભર બની શકાય.? શિક્ષણ માટે જ અન્ય દેશ પર આધાર હોય ત્યાં ફિટ ઈન્ડિયા અને ફિટ ગુજરાત કહેવું મૂર્ખામી ભર્યું છે. ગુજરાતમાં સાધુ સંતોના ડાયરા કરીને પ્રજાને ભરમાવવામાં આવે છે. એ જ ધરતી પર કરોડો રૂપિયાની નકલી ચલણી નોટો શિક્ષણ ધામમાંથી પકડાતી હોય ત્યાં સંસ્કાર અને સરકાર પર સવાલ ઊભા કરે છે. તેમાં આત્મનિર્ભનો ફિયાસ્કો દેખાય છે. ભણેલો વર્ગ આવી પરિસ્થિતિ વચ્ચે ગેસ ગટર આરોગ્ય રેલવે માટે સ્વચ્છ વિચાર મનમાં કઈ રીતે લાવી શકે.? વિચાર આવી શકે તો માત્ર ચૂંટણી સમયે લોકાર્પણ નેતાઓ વડે કરવામાં આવતું રંગ રોગાનનું ચિત્ર બાકી સર્વત્ર નાગરિકોના કોણીએ ગોળ લગાડવા સિવાય વિશ્વમાં આ વિશ્વગુરુ આજે રમકડું તરી આવે છે.

તાપી - હરીશકુમાર ચૌધરી

### સમાજ સાથે સાચી સમજ....

શાળાની પરીક્ષામાં અંગ્રેજી વિષયમાં પૂછાયેલા એક નિબંધમાં ભારતનો મહિમા બાળકે વર્ણવતા લખ્યું કે - "ઈન્ડિયા ઈઝ અ કન્ટ્રી ઑફ ડાયવર્સિટી ઈન યુનિટી!!!" જો કે ખરેખર વાક્ય હોવું જોઈએ - "ઈન્ડિયા ઈઝ અ કન્ટ્રી ઑફ યુનિટી ઈન ડાયવર્સિટી." સંપૂર્ણ નિબંધ વાક્ય રચના અને વ્યાકરણની દ્રષ્ટિએ સાચો હતો. માત્ર ભૂલથી સંબંધબોધક શબ્દસમૂહમાં નામપદના સ્થાન બદલાય ગયા હતા. એકતામાં વિવિધતા? કે વિવિધતામાં એકતા? ગુણ આપવા કે કાપવા એ પ્રશ્ન કરતા આજે કેટલીક હકીકતો એવી પણ cc છે આપણને વિચારવા મજબૂર કરે છે. ક્યાંક નફરતના બીજ એટલા હદે તો રોપાય નથી ગયા ને કે ભારત વિશ્વ ગુરુ ને બદલે વિષ ગુરુ બને? શાળાઓમાં પ્રવેશ મેળવતી વખતે શિક્ષણને બાજુ પર રાખી ધર્મ, જાતિ, પ્રાંત, સમાજ જોવાની માનસિકતા વાલીઓમાં જોવા મળી રહી છે. સાથો-સાથ શાળાઓમાં પણ સાંપ્રત વાતાવરણને વેગ મળ્યો છે. શાળાકીય પ્રવૃત્તિઓ જેવી કે - પ્રાર્થના સભા, સંબોધન, કાર્યક્રમો, સંસ્કાર, ઉદાહરણો/ અનુબંધો, તહેવારોની ઉજવણી અને રજાઓમાં પણ એક તરફી ધાર્મિક દ્રષ્ટિકોણ કેળવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સૌ કોઈ પોતાની તાબા હેઠળની શાળાઓ અને શાળાઓના પોતાના નિયમો બનાવીને બેઠા છે. હિન્દુ - મુસ્લિમ તહેવારોમાં જોવા મળતી ભાઈચારાની વાર્તાઓ અને ભારતની સંસ્કૃતિ ધીમે ધીમે અલિપ્ત થઈ રહી છે. શાળા માત્ર અભ્યાસ માટે જ નહીં, પરંતુ સારા અને જવાબદાર નાગરિક બનવા માટે પણ માર્ગદર્શન આપે છે. સમાજમાં પ્રસરી રહેલ ખોટા વિચારો, ખોટા કાર્યોને રોકવાની જાગૃતા માટે શાળાની મહત્વની ભૂમિકા છે. સમાજ સાથે જોડાયેલા રહેવું જરૂરી છે પણ એક સાચી 'સમજ' સાથે સમાજમાં જોડાયેલા રહેવું વધુ જરૂરી છે.

નવસારી - શાહીદ કુરેશી